
# મિડ-ડે

Jagran ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૧, મંગળવાર, મુંબઈ, કુલ ૨૪ પાનાં, ₹૭.૦૦ | ફોન: 6831 4800 | ફેક્સ: 2642 6812 | www.gujaratimidday.com




આજે સેલિબ્રિટી કોલમમાં વાંચો સરિતા જોષીને ▸▸ 18



Scanned with CamScanner

# આવકવેરા ખાતાના ખટલાઓના આધારે જાણો મહત્ત્વપૂર્ણ માહિતી


**ટૅક્સ રામાયણ**

**પરેશ કપાસી**




**આવકવેરાનાં** રિટર્ન ભરતી વખતે કરદાતાઓએ અનેક ઝીણી બાબતોનું ધ્યાન રાખવું પડતું હોય છે. એમાંની એક બાબત કરવેરા ખાતાના અધિકારીઓએ લીધેલા નિર્ણય અને એ બાબતે કમિશનરોએ આપેલા ચુકાદા છે. બિઝનેસ સમુદાય, તેમના અકાઉન્ટ તથા ચાર્ટર્ડ અકાઉન્ટન્ટે આવી બાબતો પર ખાસ નજર રાખવી પડતી હોય છે. ચાલો આજે આપણે એવા અમુક મુદ્દાઓની ચર્ચા કરીએ.

એક અગત્યના ચુકાદામાં આવકવેરા ખાતાની ઍપેલેટ ટ્રિબ્યુનલે કહ્યું છે કે આઈપેડને કમ્પ્યુટર ગણી શકાય નહીં અને આ જ કારણસર આઈપેડ માટે ૪૦ ટકા લેખે ડેપ્રિશિયેશન પણ લઈ શકાય નહીં. ગયા ઑગસ્ટ મહિનાની ૧૬ તારીખે ઍપેલેટ ટ્રિબ્યુનલે અમૃતસર કોહિનૂર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ અસિસ્ટન્ટ કમિશનર ઑફ ઈન્કમટૅક્સના કેસમાં આપેલા ચુકાદામાં કહ્યું હતું કે આઈપેડ સંદેશવ્યવહાર માટેનું સાધન છે, એને કૉમ્પ્યુટિંગ ઉપકરણ કહી શકાય નહીં.

આઈપેડ કમ્પ્યુટરનાં અમુક કામ કરે છે, પરંતુ એને કમ્પ્યુટર કે લૅપટૉપનો પૂર્ણ વિકલ્પ કહી શકાય નહીં. આમ કમ્પ્યુટર અને આઈપેડની વચ્ચે તફાવત છે.

છેલ્લે ઍપેલેટ ટ્રિબ્યુનલે એમ પણ કહ્યું હતું કે એપલ સ્ટોર આઈપેડને કમ્પ્યુટર ઉપકરણ તરીકે નહીં પરંતુ સંદેશવ્યવહાર અને મનોરંજનના સાધન તરીકે વેચે છે. આમ આઈપેડને કમ્પ્યુટર ગણી શકાય નહીં અને તેથી જ કમ્પ્યુટર માટેના ૪૦ ટકાને બદલે ૧૫ ટકાના દરેક ડેપ્રિશિયેશન લાગુ થાય.

અન્ય એક ચુકાદામાં આવકવેરા ખાતાના અસિસ્ટન્ટ કમિશનર વિરુદ્ધ ગુજરાત એન્ડરસન બાયોમેડના કેસમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય આપવામાં આવ્યો હતો. આ કેસમાં વિગતો એવી હતી કે નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં કરદાતા કંપનીએ એક કૉમોડિટી દલાલ મારફતે કૉમોડિટીના વ્યવહાર કર્યા હતા, જેમાં કંપનીને બે કરોડ રૂપિયાની ખોટ ગઈ હતી. આ ખોટને ૩૧ માર્ચ ૨૦૧૧ના રોજની બેલેન્સમાં આઉટસ્ટેન્ડિંગ પૅમેન્ટ તરીકે દર્શાવવામાં આવી હતી. ત્યાર પછીની ચુકવણી નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨માં ટુકડે-ટુકડે કરવામાં આવી હતી. આવકવેરા ખાતાએ દલાલને ત્યાં તપાસ કરી હતી અને જાણવા મળ્યું હતું કે કરદાતાઓને કરવેરો છુપાવવામાં મદદ કરે એ રીતના વ્યવહારો બ્રોકર કરતા હતા. આ તપાસને પગલે તૈયાર કરવામાં આવેલા અહેવાલના આધારે આકારણી અધિકારીએ કરદાતા કંપનીને પુનઃ આકારણી કરવા માટેની નોટિસ મોકલાવી હતી. તપાસમાં જણાઈ આવ્યું હતું કે દલાલને કરદાતા કંપની પાસેથી ૨.૦૭ કરોડ રૂપિયા મળ્યા હતા. આકારણી અધિકારીએ એવું ગૃહિત કરી લીધું હતું કે કરદાતા કંપનીએ કરવેરો છુપાવવા માટે દલાલ મારફતે અમુક એન્ટ્રીઓ કરાવી હતી. આ કંપનીએ આવકવેરા અધિકારીની નોટિસ વિરુદ્ધ ગુજરાત વડી અદાલતમાં ખટલો માંડ્યો હતો. તેમણે પોતાની દલીલના સમર્થનમાં કૉમોડિટીને લગતા વ્યવહાર દર્શાવ્યા હતા અને ખાતાના અધિકારીએ કેસ ફરીથી ખોલ્યો એ બાબતે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે પુનઃ આકારણીની નોટિસ રદ કરવામાં આવવી જોઈએ. આ બાબતમાં આવકવેરા ખાતાએ એવી દલીલો કરી હતી કે નાણાકીય વર્ષ ૨૦૧૧ના અંતે આ કંપનીએ કૉમોડિટી વ્યવહારને લગતી અમુક ચુકવણી કરવાની બાકી હતી. તેમને ઈન્ડિયન કૉમોડિટી એક્સચેન્જ પાસેથી મગાવેલી માહિતી પરથી જાણવા મળ્યું હતું કે કરદાતા કંપનીએ કૉમોડિટીના કોઈ જ વ્યવહાર કર્યા નહોતા. અદાલતે આવકવેરા ખાતાની તરફેણમાં ચુકાદો આપતાં કહ્યું હતું કે તમામ ઉપલબ્ધ પુરાવાના આધારે આવકવેરા ખાતાની દલીલો સાચી પુરવાર થાય છે.

અન્ય એક કિસ્સામાં પણ ડેપ્રિશિયેશનનો મામલો સંકળાયેલો હતો. તેમાં લોન તથા પ્રૉપર્ટી પરના વ્યાજ અને ડેપ્રિશિયેશનનું ડિડક્શન (કપાત) લેવામાં આવ્યું હતું. આ કેસની વિગતો એવી હતી કે કરદાતા કંપનીના માલિકે (કોરિયોગ્રાફર ફરાહ ખાન) પોતાની રહેણાક મિલકતનો ઉપયોગ બિઝનેસ તથા વ્યવસાય ચલાવવા માટે કર્યો હતો અને તેને લગતું ડેપ્રિશિયેશન તથા લોન પરનું વ્યાજ અને સોસાયટીના મેઈન્ટેનન્સ ચાર્જ એ બધા માટે કપાતનો ક્લેમ કર્યો હતો. આકારણી અધિકારીએ આ કેસમાં ૧.૫૫ કરોડ રૂપિયાનાં તમામ ડિડક્શન નામંજૂર કર્યાં હતાં અને આકારણીનો આદેશ બહાર પાડ્યો હતો. કરદાતાએ આકારણીના આદેશની વિરુદ્ધ ઍપેલેટ ટ્રિબ્યુનલમાં દાવો માંડ્યો હતો.

આવકવેરા ખાતાએ દલીલ કરી હતી કે રહેણાક જગ્યાનો ઉપયોગ રહેવા માટે જ થઈ રહ્યો છે, બિઝનેસ કે વ્યવસાય માટે થઈ રહ્યો નથી. એમનો આ નિર્ણય વૉર્ડ ઈન્સ્પેક્ટરે કરેલા નિરીક્ષણના આધારે હતો. વળી એમ પણ કહેવામાં આવ્યું હતું કે ડિડક્શનની તપાસ માટેની વિગતો નિશ્ચિત સ્વરૂપમાં આપવાનું કરદાતાને કહેવામાં આવ્યું હતું પરંતુ એમણે એવું કર્યું નહોતું અને દસ્તાવેજી પુરાવા પણ આપ્યા નહોતા.

તેની સામે કરદાતાએ દલીલ કરી હતી કે એમણે તેમના દાવાને સંપૂર્ણ પુરાવા સહિત દર્શાવ્યા છે. આ સંબંધે ઍપેલેટ ટ્રિબ્યુનલે કરદાતા કંપનીની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને કહ્યું હતું કે કોઈ પણ ઍસેટ એક બિઝનેસના પરિસરનો હિસ્સો બની ગયા પછી તેના માટે ડેપ્રિશિયેશનનો દાવો કરી શકાય છે. એક વખત કરાયેલા દાવા પછી ભવિષ્યમાં પણ એ દાવો મંજૂર રાખવો જરૂરી છે. એ મિલકત ખરીદવા માટે લેવાયેલી લોન પરનું વ્યાજ પણ બિઝનેસમાંથી ડિડક્શન તરીકે લઈ શકાય છે અને બિઝનેસ માટે વપરાતી જગ્યાનો મેઈન્ટેનન્સ ચાર્જ પણ કપાત તરીકે માન્ય રાખી શકાય છે. આમ આપણે આ ત્રણે મહત્ત્વપૂર્ણ ચુકાદાઓના આધારે મહત્ત્વની માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ, જે આપણને આપણા અકાઉન્ટના વ્યવસાયમાં અને બિઝનેસના હેતુસર ઉપયોગી થઈ શકે છે.


લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.



Scanned with CamScanner